# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-04-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

1) ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે ચાર સમજૂતી કરાર થયા.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વૈશ્વિક તણાવના તબક્કામાં ભારત અને કોરિયા સાથે મળીને શાંતિ અને સ્થિરતાનો સંદેશ આપે છે.
3) પશ્ચિમ એશિયા સંઘર્ષના કારણે થયેલા વિક્ષેપ વચ્ચે પણ સમગ્ર દેશમાં ઘરેલુ LPG નો પૂરવઠો સ્થિર.
4) જમ્મુ-કશ્મીરના ઉધમપુર જિલ્લામાં પ્રવાસી બસ પર્વત પરથી પડી જતા 21 લોકોના મોત.
5) અમેરિકા સાથે બીજા તબક્કાનો શાંતિ સંવાદ કરવાથી ઈરાનનો ઈનકાર.
6) IPL ક્રિકેટમાં ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે અમદાવાદમાં મુકાબલો.

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM KOREA

ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે આજે રમતગમત, સાંસ્કૃતિક અને સર્જનાત્મક ઉદ્યોગો, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના ક્ષેત્રમાં સહકાર અને ઔદ્યોગિક સહકાર સમિતિની સ્થાપના માટે ચાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા. બંને પક્ષે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર અને ભારત-કોરિયા ડિજિટલ સેતુના માળખાને અદ્યતન બનાવવા અંગે સંવાદ ફરીથી શરૂ કરવા સંયુક્ત ઘોષણાપત્રનું પણ આદાન-પ્રદાન કર્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપ્રમુખ લિ–જે–મ્યુંગ વચ્ચે નવી દિલ્હીમાં સંવાદ દરમિયાન આ કરાર થયા. ત્યારબાદ એક નિવેદનમાં પ્રધાનમંત્રીએ કહ્યું, વૈશ્વિક તણાવના તબક્કામાં ભારત અને કોરિયા સાથે મળીને શાંતિ અને સ્થિરતાનો સંદેશ આપે છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) GLOBAL TENSION

શ્રી મોદીએ આઠ વર્ષ બાદ કોરિયાના રાષ્ટ્રપ્રમુખના ભારત પ્રવાસ અંગે આનંદ વ્યક્ત કર્યો.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) - RELATION

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપ્રમુખ લિ–જે–મ્યુંગે તેમના નિવેદનમાં કહ્યું, ભારત વૈશ્વિક દક્ષિણમાં એક અગ્રણી દેશ તરીકે ઉભર્યું છે. તેમણે કહ્યું, તેમણે શ્રી મોદી સાથે મધ્ય-પૂર્વમાં તાજેતરના ઘટનાક્રમ અંગે ચર્ચા કરી અને મધ્ય-પૂર્વમાં સ્થિરતા તથા શાંતિ પુનઃસ્થાપિત કરવી એ વૈશ્વિક સુરક્ષા અને અર્થતંત્ર માટે અત્યંત મહત્વની હોવા અંગે સંમતિ વ્યક્ત કરી.

# INDIA KOREA BUSINESS GOYAL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું, ભારત અને કોરિયા વચ્ચે હાલ 27 અબજ ડૉલરનો દ્વિપક્ષીય વેપાર છે અને બંને પક્ષનું લક્ષ્ય આગામી ચાર વર્ષમાં તેને બમણો કરવાનો છે. નવી દિલ્હીમાં આજે ભારત-કોરિયા વેપાર મંચના ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી ગોયલે આ પ્રવાસને સંબંધોનો નવો અધ્યાય શરૂ કરવાની દિશામાં મહત્વનો ગણાવ્યો.

શ્રી ગોયલે કહ્યું, ભારત અને કોરિયા વચ્ચે વિશ્વાસ, પરસ્પર લોકતાંત્રિક મૂલ્યો અને સભ્યતા સંબંધો પર આધારિત હજારો વર્ષો જૂના સંબંધ છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે તેમણે ભારતને સ્થિરતાનો એક મજબૂત સ્તંભ ગણાવ્યો. આ સાથે જ શ્રી ગોયલે હાલમાં ચાર ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થાવાળું ભારત વર્ષ 2047 સુધીમાં 30 ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનશે તેવી આશા વ્યક્ત કરી.

# REV WEST ASIA BRIEFING

સરકારે જણાવ્યું, પશ્ચિમ એશિયા સંઘર્ષના કારણે થયેલા વિક્ષેપ વચ્ચે પણ સમગ્ર દેશમાં ઘરેલુ LPG પૂરવઠો સ્થિર છે અને વિતરકો પાસે પણ કોઈ પણ પ્રકારની અછતના કોઈ અહેવાલ નથી. નવી દિલ્હીમાં યોજાયેલી એક આંતર-મંત્રીસ્તરીય પરિષદને સંબોધતાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં સચિવ સુજાતા શર્માએ કહ્યું, સરકાર યોગ્ય વ્યવસ્થાપન માટે ઘરેલુ LPG ઉત્પાદન વધારવા, શહેરી અને ગ્રામ્ય ક્ષેત્રમાં બુકિંગ સમયગાળો વધારવા અને ગેરકાયદે વેચાણને રોકવા ડિલિવરી પ્રમાણીકરણ કોડ લાગુ કરવા જેવા અનેક મહત્વના પગલા લઈ રહી છે.

(BYTE: SUJATA SHARMA)

બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયના નિદેશક મનદીપસિંઘ રંધાવાએ કહ્યું, 97 હજાર મેટ્રિક ટનથી વધુ કાચું તેલ લઈને આવતું વધુ એક ભારતીય ધ્વજવાળા ટૅન્કર “દેશ ગરિમા” 18 એપ્રિલે સલામત રીતે હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થયું છે.

# TAMILNADU ELECTION CAMPAIGN

તમિળનાડુ અને પશ્ચિમ બંગાળમાં આ ગુરુવારે યોજાનારી વિધાનસભા ચૂંટણી માટેનો પ્રચાર આવતીકાલે પૂર્ણ થશે. ત્યારે વિવિધ રાજકીય પક્ષના ટોચના નેતાઓ જાહેર સભા અને કાર્યક્રમો દ્વારા છેલ્લી ઘડી સુધી મતદારોને રિઝવવા પ્રયાસ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, આ ગુરુવારે 23 એપ્રિલે તમિળનાડુમાં 234 બેઠક માટે એક જ તબક્કામાં અને પશ્ચિમ બંગાળમાં 152 બેઠક માટે વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાનું મતદાન થશે.

# SC ELECTIONS FREEBIES

ચૂંટણી પહેલા રાજકીય દળો દ્વારા મફત યોજનાઓની જાહેરાત પર રોક લગાવવાની માગ કરતી જાહેરહિતની અરજી પર સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ અને ભારતના નિયંત્રક અને મહાલેખા પરિક્ષક – CAG-ને નૉટિસ આપી છે.

ન્યાયમૂર્તિ સૂર્ય કાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની પીઠે કહ્યું, આ અરજીને આવા પ્રકારની પડતર અન્ય અરજીઓ સાથે સુનાવણી માટે રખાશે. અરજીકર્તાઓએ નાણાકીય આંકડાઓનો ઉલ્લેખ કરતા તર્ક આપ્યો કે, આવી યોજનાઓ આર્થિક રીતે ટકાઉ નથી. અરજીમાં જણાવાયું છે કે, સરકારો આ યોજનાઓ માટે સતત દેવું લઈ રહી છે, જેનાથી આવનારી પેઢીઓ પર નાણાકીય બોજ પડી રહ્યો છે.

# SC PIL NETAJI

સર્વોચ્ચ અદાલતે આજે નેતાજી સુભાષચંદ્ર બોઝને રાષ્ટ્રીય પુત્રની ઉપાધિ આપવા અને તેમની સાથે જોડાયેલી મુખ્ય તારીખોને રાષ્ટ્રીય દિવસ જાહેર કરવાની માગ કરતી જાહેરહિતની અરજીને ફગાવી દીધી છે. ન્યાયમૂર્તિ સૂર્ય કાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની અધ્યક્ષતાવાળી પીઠે પિનાક-પાની મોહન્તી દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો.

અદાલતે જણાવ્યું, આવા પ્રકારની અરજીઓ પહેલા પણ દાખલ કરવામાં આવી હતી અને તેને ફગાવવામાં આવી હતી. અરજીમાં નેતાજી સુભાષચંદ્ર બોઝની જયંતી 23 જાન્યુઆરી અને આઝાદ હિન્દ ફોજ – I.N.A.ના સ્થાપના દિવસ 21 ઑક્ટોબર 1943ને રાષ્ટ્રીય દિવસ જાહેર કરવાની માગ કરવામાં આવી હતી. ઉપરાંત તેમાં કટક સ્થિત નેતાજીના જન્મસ્થળને રાષ્ટ્રીય સંગ્રહાલય જાહેર કરવા પણ અનુરોધ કરાયો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફોરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.

# REV JK ACCIDENT

જમ્મુ-કશ્મીરના ઉધમપુર જિલ્લામાં આજે એક પ્રવાસી બસ પર્વત પરથી પડી જવાથી 21 લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે 29 લોકો ઈજાગ્રસ્ત થયા છે. અમારા સંવાદદાતા જણાવે છે, રામનગર ક્ષેત્રના કાગોર્ત ગામ પાસે આ દુર્ઘટના સર્જાઈ હતી. બસમાં 50 લોકો સવાર હતા. તેમાંથી મોટાભાગના લોકો રામનગરથી ઉધમપુર જઈ રહ્યા હતા.

અનેક લોકોને ઘટનાસ્થળથી હૉસ્પિટલ ખસેડાયા અને તેમની હાલત ગંભીર હોવાનું જણાયું છે. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બે લોકોને વધુ સારવાર માટે જમ્મુ-ની J.M.C. હૉસ્પિટલમાં ઍરલિફ્ટ કરાયા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ઉપરાજ્યપાલ મનોજ સિંહા, કેન્દ્રીય મંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંઘ, મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા, નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરી અને અન્ય મંત્રીઓએ આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકો પ્રત્યે દુ:ખ વ્યક્ત કર્યું છે.

દરમિયાન પ્રધાનમંત્રીએ મૃતકોના પરિવારજનો માટે બે-બે લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તો માટે 50-50 હજાર રૂપિયાની સહાય રકમ આપવાની જાહેરાત કરી છે. જ્યારે મુખ્યમંત્રીએ દુર્ઘટનાના પીડિતો માટે મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી તાત્કાલિક સહાયની પણ જાહેરાત કરતા પ્રત્યેક મૃતકોના પરિવારજનોને બે-બે લાખ રૂપિયા અને ગંભીર રીતે ઇજાગ્રસ્તોને એક-એક લાખ રૂપિયા અને સામાન્ય ઈજાગ્રસ્ત થયેલા લોકોને 25-25 હજાર રૂપિયા સહાય કરવાની જાહેરાત કરી.

# IRAN US TALKS

ઈરાને અમેરિકા સાથે બીજા તબક્કાનો શાંતિ સંવાદ કરવાથી ઈનકાર કરી દીધો છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું, અમેરિકા દ્વારા હોર્મુંઝ સામુદ્રધુનીમાં ઈરાનના ધ્વજવાળા જહાજને કબજામાં લીધા બાદ ઈરાનના નવા તબક્કાનો સંવાદ શરૂ કરવાનું કોઈ આયોજન નથી.

આ પહેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, તેઓ ઈરાનની સાથે સંભવિત સંવાદ માટે તેમની ટીમને પાકિસ્તાન મોકલી રહ્યા છે. ઈરાનની સરકારી સમાચાર સંસ્થા I.R.N.A.-એ જણાવ્યું, અમેરિકાની વધુ પડતી માગ, અવારનવાર બદલાતા વલણ અને નૌકાદળ નાકાબંધીના કારણે ઈરાને આ સંવાદથી ઈનકાર કર્યો છે. સંસ્થાએ નાકાબંધીને યુદ્ધવિરામની સ્થિતિઓનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

દરમિયાન ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે પણ હોર્મુંઝ સામુદ્રધુની બંધ કર્યું છે અને વાણિજ્યિક જહાજોને સ્પષ્ટ મંજૂરી લેવા તથા ગાર્ડ દ્વારા સ્વીકૃત માર્ગ અપનાવવા જણાવ્યું છે. ગાર્ડે મંજૂરી વગર જહાજોને નિશાન બનાવાઈ શકે છે તેવી ચેતવણી પણ આપી છે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ – I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. ગુજરાતમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાતી મેચમાં શુબમન ગિલની આગેવાની હેઠળની ગુજરાતની ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, હાર્દિક પંડ્યાની આગેવાની હેઠળની મુંબઈની ટીમે 4.5 ઓવરમાં 2 વિકેટ ગુમાવી 32 રન કર્યા છે.

IPLના પૉઈન્ટ ટૅબલમાં હાલ ગુજરાત છઠ્ઠા અને મુંબઈ દસમા ક્રમાંક પર છે. જ્યારે પંજાબ પહેલા અને બેંગ્લુરુ બીજા સ્થાને છે.

# RAILWAY SUMMER SPECIAL TRAIN TRIPS

ભારતીય રેલવે પ્રવાસીઓની માગને પહોંચી વળવા અને પ્રવાસીઓનો સરળ પ્રવાસ સુનિશ્ચિત કરવા ત્રણ મહિનામાં દેશભરમાં 18 હજાર 262 ઉનાળું વિશેષ ફેરાનું સંચાલન કરશે. રેલવે મંત્રાલયે જણાવ્યું, આ વર્ષે 15 એપ્રિલથી 15 જુલાઈ સુધીમાં કુલ 908 ઉનાળું વિશેષ ટ્રેનને મંજૂરી અપાઈ છે.